**૧લો**
**દિવસ**
૯ જૂન, ૨૦૦૭

# જીવથી શિવની યાત્રા



ૐ નમઃ શિવાય

હે ઈશ્વર! સૌનું કલ્યાણ કરો અને સૌની રક્ષા કરો. આ દિવસ મારા જીવનરૂપી પુસ્તકમાં સુવર્ણ અક્ષરે લખાવા જઈ રહ્યો છે. હે શિવ! હે મહાપિતા! વર્ષોથી જે સ્વપ્ન જોયું હતું તે આજે આ દિવસે સંપન્ન થવા જઈ રહ્યું છે. કહે છે કે જે લોકોએ ઘણાં પુણ્યો કર્યાં હોય તો જ તેમનું જ આ સ્વપ્ન સાકાર થઈ શકે. મારી ખુશીનો અને ઉત્સાહનો પાર નથી. જેમ કોઈ ચાતક વરસાદની રાહ જુએ તેમ મેં આ દિવસની છેલ્લા ઘણા અરસાથી રાહ જોઈ છે. આ દિવસ વિશે હું શું કહું? મારી સજળ આંખો બોલી રહી છે અને હૃદયની તેજ ધડકનો આ વાતની સાબિતી છે કે હું કેટલી ધન્યતા અનુભવું છું. આ દિવસની રાહ જોવામાં મને જે રોમાંચ મળ્યો હતો તેનાથી સો ગણો ખુશીનો ઊભરો મારા રોમેરોમમાં અત્યારે વ્યાપી ગયો છે. મારા સર્વસ્વ એવા જગતપિતા શ્રી શિવનો સાક્ષાત્કાર કરવા હું જઈ રહી છું. મનથી મને પૂરી શ્રદ્ધા અને વિશ્વાસ છે કે સૌથી મહત્ત્વની, મોટી અને અઘરી કૈલાસ-માનસરોવર આ યાત્રા હું સુખરૂપ સંપન્ન કરીને, ધન્ય થઈને પરત ફરીશ.

જીવનમાં જે કંઈ પણ પહેલીવાર થાય છે તે હંમેશાં યાદગાર અને નવા અનુભવની ખુશી આપનારું હોય છે. અહીં પણ કંઈક પ્રથમવાર થવા જઈ રહ્યું હતું અને બહુ જ અદ્ભુત એ દૃશ્ય હતું જે અમે પહેલીવાર હસતાં અને રડતાં આંખોમાં કેદ કરી લીધું. હસતાં એટલા માટે કે અમને કૈલાસ-માનસરોવરની યાત્રાએ જવાનો અમૂલ્ય લાભ આ દિવસે મળી રહ્યો હતો અને રડતાં એટલા માટે કે પૂરો એક મહિનો અમે અમારાં વહાલાં નાનાં બાળકો અને વડીલોથી દૂર જઈ રહ્યાં હતાં, પણ મનમાં શિવજીનું નામ હતું અને હૃદયમાં યાત્રા પૂરી કરવાની હિંમત! જે અમને ખૂબ જ ઉત્સાહ પૂરો પાડી રહ્યાં હતાં. અમને આ યાત્રા માટે શુભાશિષ સાથે વહાલભરી વિદાય આપવા અમારાં લગભગ બધાં જ સ્નેહીજનો ઍરપૉર્ટ પર એકઠાં થયાં હતાં.

અમે માનસરોવર યાત્રાની ત્રીજી બેચમાં છીએ. પહેલી બેચ સખત બરફવર્ષાને લીધે કેન્સલ થઈ અને તે બેચના યાત્રીઓ બીજી બેચમાં ગયા. તેમાં કુલ ૫7 જ સભ્યો હતા. આમ તો દરેક બેચમાં ૬૦ સભ્યો જઈ શકે છે. આ કારણે અમે છેલ્લા થોડા દિવસો ખૂબ જ ટેન્શનમાં કાઢ્યા, પણ છેવટે ઈશ્વરની ઇચ્છા પ્રમાણે અમે ખૂબ શુભેચ્છાઓ અને ભક્તિભાવ સાથે પ્રયાણ કર્યું.

**ॐ त्र्यम्बकं यजामहे सुगन्धिं पुष्टिवर्धनम्**
**उर्वारुकमिव बन्धनात्, मृत्योर्मुक्षीय मामृतात्।**

આ મહામૃત્યુંજય મંત્ર મહામંત્ર છે. તેને સંજીવની મંત્ર પણ કહે છે. એના ઉચ્ચારથી ઉત્પન્ન થતા ધ્વનિના કંપનથી શરીરની ચારે બાજુ સુરક્ષાચક્ર નિર્મિત થાય છે. તે જીવનમાં સુખ, શાંતિ ને સમૃદ્ધિ લાવનાર મંત્ર છે.

## ૨ જો દિવસ

૧૦ જૂન, ૨૦૦૭

# સફરની શરૂઆત

આજે અમારી યાત્રાનો બીજો દિવસ હતો. સવારે વહેલા ઊઠી ગયાં કારણ કે સવારે આઠ વાગ્યે અમારે મેડિકલ ટેસ્ટ્સ માટે હાર્ટ ઍન્ડ લંગ્સ હૉસ્પિટલમાં જવાનું હતું. ઘણી મોટી અને બધી જ સગવડવાળી હૉસ્પિટલ છે. અહીં જે પણ જરૂરી ટેસ્ટ્સ હતા એક્સ-રે, ટીએમટી, ફેફસાંના જુદા જુદા ટેસ્ટ્સ એ બધું જ ક્રમવાર પતાવ્યું. કૈલાસયાત્રા માટે ફેફસાં મજબૂત અને પાતળી હવા સહન કરી શકે તેવાં હોવાં જોઈએ. દરેક ટેસ્ટ પહેલાં અમારા દિલની ધડકન વધી જતી કે રખે ને આ ટેસ્ટમાં ફેઈલ ના થવાય અને અમારું જવાનું કેન્સલ ન થાય, અને પરિણામ સારું આવ્યું હોય તે દરેકના ચહેરા પર અનહદ ખુશી દેખાતી.

અમે માનસરોવર જવા તૈયાર હતાં. સહુ પાસે પોતપોતાની કથાઓ હતી. અનેક લોકોએ, અનેક વાતો સાંભળી હતી... રાત્રે માનસરોવરના કિનારે બેઠાં હોઈએ તો ચમત્કારી અનુભવો થતા હોય છે. આ દૈવી અનુભવો સૌને પોતપોતાની શ્રદ્ધા પ્રમાણે થતા હોય છે. કોઈને આકાશમાંથી ત્રણ દીવા સરોવરમાં ઊતરતા દેખાયા હતા, તો કોઈને આકાશમાં ભગવાન ગણેશની આકૃતિ દેખાઈ હતી! કોઈને અગ્નિકુંડમાં શિવજીનાં દર્શન થયાં હતાં. કોઈને કૈલાસ પર્વતમાં શિવજીની આકૃતિનાં દર્શન થયાં હતાં! આમ સૌને પોતપોતાની ભક્તિ અને શ્રદ્ધા પ્રમાણે દર્શન થતાં હોય છે.

'તમે સૌ પણ માનસરોવરના કિનારે આખી રાત જાગીને બેસજો! તમને ચોક્કસ કોઈક દૈવી અનુભૂતિ થશે જ થશે. જિંદગીમાં આવો અનુભવ કદાચ ક્યારેય નહીં મળે. રાત્રિના અંધકારમાં દિવ્ય ઝળહળતું માનસરોવર, ચાંદી જેવો કૈલાસ અને ઉપર હીરા જેવા ચમકતા આકાશને જોવાનું ચૂકતાં નહીં.' એવું અમને ત્યાંના શિવકુમારભાઈએ કીધું. જેમણે ઘણીવાર કૈલાસયાત્રા કરી છે. અમારા ઉત્સાહનો પાર ન હતો. રાત્રિના સ્વપ્ન વાગોળતાં અમે સુઈ ગયા.


શ્રી દિલ્હી ગુજરાતી સમાજ સરદાર




delhi heart & lung institute



3જો
દિવસ
૧૧ જૂન, ૨૦૦૭

# ચેકઅપ ઍન્ડ ફૉર્માલિટીસ

આજે સવારે મિલિટરીની હૉસ્પિટલમાં ચેકઅપ માટે જવાનું હતું.

મિલિટરી હૉસ્પિટલમાં પહેલાં એક નાની ફિલ્મમાં યાત્રા વિશેની બધી વિગતો બતાવી અને ત્યાર બાદ એક પછી એકને ચેકઅપ માટે લઈ ગયાં. ત્યાર પછી આગળના ચેકઅપ માટે બત્રા હૉસ્પિટલ ગયાં.

રિપોર્ટ્સનાં બધાં કામ પતાવી બધાં પાછાં ઉપરના હૉલમાં ગયાં. ત્યાં એક સજ્જને અમને યાત્રા વિશેની માહિતી આપી તથા અલગ અલગ કામ પ્રમાણે અમારા ગ્રૂપની ત્રણ ટીમ પાડી.

૧) એકાઉન્ટ ડિપાર્ટમેન્ટ

૨) લગેજ ડિપાર્ટમેન્ટ અને

૩) ફૂડ અને કેટરિંગ ડિપાર્ટમેન્ટ

અમારી આ બેચ અત્યાર સુધીની સૌથી મોટી બેચ છે. અમારામાં વધારે વડીલો છે પણ સૌ સાલસ અને મળતાવડા સ્વભાવના છે. કાલે સવારે ૮ વાગ્યે રિપોર્ટિંગ છે, જે વિઝા અને ડૉલર માટેની ફૉર્માલિટી છે. એ માટે એમ્બેસી જવાનું છે.

**૪થો**
**દિવસ**
૧૨ જૂન, ૨૦૦૭

# દિલ્હી : મિનિસ્ટ્રી ઑફ એક્સટર્નલ અફેર્સ - અનોખો અનુભવ

આજે સવારે ઊઠીને અમે મિનિસ્ટ્રી ઑફ ઍક્સટર્નલ અફેર્સ (MEA) ગયાં. આ જગ્યા પાર્લામેન્ટ હાઉસમાં સાઉથ વિંગમાં ઇન્ડિયા ગેટની સામે જ છે. બહુ જ સરસ અને ભવ્ય બિલ્ડિંગ છે. ૧૯૨૧માં ૧૨ ફેબ્રુઆરીએ એચ.આર.એચ. ધ ડ્યૂક ઑફ કૉનોટે ફાઉન્ડેશન શિલારોપણ કર્યું હતું. બીજા કોઈ સંજોગોમાં અહીં પ્રવેશ શક્ય જ નથી, ખૂબ મુશ્કેલ છે. આજે અમને જવા મળ્યું તેનો ખૂબ જ આનંદ છે. ત્યાં એક મહિલાએ એક કૉન્ફરન્સ રૂમમાં અમને સૌને બ્રીફ કર્યા. નાની મૂવી જોઈ જેમાં અમને કૈલાસ-માનસરોવરના પ્રવાસ વિશેની મહત્ત્વની માહિતી આપવામાં આવી.

સાચું પૂછો તો હવે પ્રવાસ શરૂ થતો હતો. અમારી બધી ફૉર્માલિટી પૂરી થઈ ચૂકી હતી. આવતીકાલે સવારે માનસરોવર માટે અમે સૌ નીકળવાનાં હતાં. એક્સાઇટમેન્ટ ખૂબ હતું અને સાથે જ એક નાની ચિંતા – ભય હતો કે બધાં સુખરૂપ પ્રવાસ કરીને સ્વસ્થ અને સંતોષ સાથે પાછાં ફરશે ને!



**૫મો**
**દિવસ**
૧૩ જૂન, ૨૦૦૭

# કુમાઉની ભીની વસંત

ઋતુઓની પણ મજા હોય છે. પાનખર પછી વસંત આવશે જ, એ આશા જીવનનો મંત્ર છે.



આજથી અમારી યાત્રા શરૂ થાય છે. આજની સવાર સુંદર લાગી રહી છે. નાસ્તો કરીને અમે સૌ બહાર કૉરિડૉરમાં આવ્યાં. ત્યાં બે બસ ગેટની બહાર ઊભી છે તેમ જ ઘણા બધા લોકો પણ સ્વાગત માટે ઊભા છે.

અહીં કૈલાસ-માનસરોવર યાત્રાએ જનાર સભ્યોને સૌ ભાવકો સ્વાગત કરીને જ મોકલે છે. કોઈ દવાઓ લઈને આવ્યું હતું તો કોઈ ઉપરણું, કોઈ કંકુચોખા તો કોઈ હારતોરા! સ્વાગત પછી બધા બસોમાં ગોઠવાયા. બધા ખૂબ જ સારા મૂડમાં છે. રસ્તામાં ગાઝિયાબાદ આવ્યું ત્યાં એક નાનકડો સમારંભ યોજાયો. ત્યાંથી અમે કાઠગોદામ પહોંચ્યાં. ત્યાં બસ બદલાવી અને એક રેસ્ટોરાં 'કુમારદ્વાર'માં લંચ લીધું. અહીં અમને લાગ્યું કે ઠંડકની શરૂઆત થઈ ગઈ છે. સરસ વાદળાં આકાશમાં

આવતાં-જતાં દેખાઈ રહ્યાં છે. જૂન અને જુલાઈ એ ખુશનુમા ફૂલોની મોસમ હોવાથી રસ્તામાં ઘણાં સુંદર ફૂલો જોવા મળ્યાં. અહીં પણ સુંદર લાલ ઓઢણીવાળી બે બહેનોએ અમારું સ્વાગત કર્યું, કંકુનું તિલક કર્યું અને હાર પહેરાવ્યા.



અમે અહીંથી અલમોરા પહોંચ્યાં. ત્યાં અમારો રાત્રિવિરામ હતો. કાઠગોદામથી અલમોરાનો રસ્તો ખૂબ જ સુંદર ને આહ્લાદક છે. ઊંચા પર્વતોની ધાર પર આવેલાં સાપોલિયાં જેવા રસ્તાઓ પરથી વાદળાંને ચીરતી અમારી બસ આગળ વધી રહી હતી. સામેના ડુંગરો પર કોઈ આર્કિટેક્ટે કોતરેલાં હોય તેવાં સુંદર ડિઝાઇનનાં પગથિયાં દેખાઈ રહ્યાં છે. તેની ઉપર ઊગેલું લીલુંછમ ઘાસ અને પીળો પાક મનમોહક દૃશ્ય ઊપસાવી રહ્યાં છે. અમે ઉપર જઈ રહ્યાં છીએ અને વાદળાં નીચે જઈ રહ્યાં છે, જેમ જેમ ઉપર વધ્યાં તેમ મનોરમ્ય એવાં ઊંચાં ઊંચાં પાઇનનાં વૃક્ષોની વચ્ચે આવેલું કુમાઉનું સુંદર હિલ સ્ટેશન અલમોરા આવી ગયું. અમે રાત્રે ૯:૩૦ વાગ્યે પહોંચ્યાં. અલમોરાના એક ગેસ્ટહાઉસ 'હૉલિડે હોમ અલમોરા'માં અમારો આજનો પડાવ છે. આ એક હિલ પર આવેલું ગેસ્ટહાઉસ છે જ્યાં ખૂબ પગથિયાં ચઢીને જવાનું છે. અહીં કૉટેજિસ પણ છે. આખા વર્ષ દરમિયાન અહીંનું ક્લાઇમેટ ખૂબ જ ખુશનુમા રહે છે. ઈ.સ. ૧૫૮૯માં રાજા કલ્યાણચંદ દ્વારા સ્થપાયેલું આ અલમોરા કુમાઉનું કલ્ચરલ સ્પોટ કહેવાય છે. અત્યારે રાત પડી ગઈ હોવાથી કોઈ ખાસ ચહલપહલ નથી. અમે કૉટેજની બહાર બેઠાં છીએ. વાદળાં જાણે કે અમને અડી અડીને જઈ રહ્યાં છે. અતિરોમાંચક જગ્યા છે આ.

જો શરૂઆત આટલી સુંદર છે તો આગળ કેવાં દૃશ્યો આવશે એ વિચારે જ હું આખી રાત સ્વપ્નો જોતી રહી.

### એક પ્રેમકથા : દેવદાર અને બોગનવેલિયાની

અલમોરા કુમાઉનું એક હિલ સ્ટેશન છે. અહીં અલમોરાની સુંદર ખીણમાં બે વૃક્ષ, એક દેવદાર અને એક બોગનવેલિયા એકબીજાનાં આલિંગનમાં લપેટાયેલાં વર્ષોથી ઊભાં છે. કોઈ પણ ઋતુ હોય આ બંને એકબીજાથી વિખૂટાં પડતાં નથી. દેવદારનું વૃક્ષ સો વર્ષ જૂનું છે. તેવી એક લોકવાયકા છે અને એને આલિંગન આપતી બોગનવેલિયા પહાડની બીજી તરફથી પણ અલમોરાની એ ગલીની ઓળખ આપે છે.

જાણે બે પ્રેમીઓ સદીઓથી અહીં ઊભા રહીને એકમેકના સાથમાં જીવન વિતાવી રહ્યાં હોય એમ આ વૃક્ષ અને વેલી એકમેકનાં સાથીદાર છે. અહીં આ દૃશ્ય જોઈને, વાર્તા સાંભળીને આંખો ભીની થઈ ગઈ. આપણે નાની નાની વાતમાં છૂટા પડી જતા લોકો જોયા છે. અહીં આ બે વૃક્ષો એકબીજાની સાથે સારા-ખરાબ સમયમાં કેવી રીતે ટકી રહેવાય એનું અદ્ભુત ઉદાહરણ છે.



## ૬ઠ્ઠો દિવસ
૧૪ જૂન, ૨૦૦૭

# યાદગાર સફર અને મોહક સ્થળ : અલમોરા - ધારચૂલા

સવારે એકદમ ફ્રેશ મૂડમાં ઊઠ્યાં અને જેવું બહાર જોયું તો ખૂબ જ સુંદર પર્પલ રંગનાં મોટાં વૃક્ષો દેખાયાં, જે ગઈકાલે રાત્રે અંધારાને કારણે દેખાયાં ન હતાં. આ વૃક્ષોને 'પ્રાઇડ ઑફ ઇન્ડિયા' કહે છે. એનું બીજું નામ જૅકેરેન્ડા છે. આ વૃક્ષો મૂળ દક્ષિણ આફ્રિકા અને બ્રાઝિલમાં જોવા મળે છે. ભારતમાં ઊંચાઈવાળાં સ્થળો પર આ વૃક્ષો જોવા મળે છે.

અમારી બસની જર્ની શરૂ થઈ. અદ્‌ભુત લહાવો ત્યારે મળ્યો જ્યારે રસ્તાની એક રેસ્ટોરાંમાં નાસ્તો કરવા બેઠાં. ખૂબ વિશાળ આઠ બાય આઠની બારીની બાજુમાં બેઠાં છીએ. વાદળો અંદર ડોકિયાં કરે છે અને ઘણાં વાદળ મથામણ કરીને અંદર પણ આવી જાય છે. અમને ભીંજવતાં જાય છે. સુંદર અનુભૂતિ સાથે આગળ વધ્યાં. અહીં રસ્તો અતિસુંદર થતો ગયો. ઉપરથી પડતાં ઝરણાંઓ અમારા રસ્તાની વચ્ચેથી પસાર થઈને પાછાં નીચેની તરફ આગળ વધી જતાં... જાણે કે, અમને મળવા અમારી સામે થઈને, સરસ મજાનું સ્મિત આપીને નીકળી જતાં હોય એમ! કુદરતની અનુભૂતિ તો અહીં જ થાય છે. જ્યાં અમે લંચ માટે ઊભાં છીએ તે જગ્યા ચકોરી છે. એને મિનિ વેલી ઓફ ફ્લાવર્સ તરીકે પણ ઓળખે છે. રંગબેરંગી પુષ્પો અને પાઇનની માદક મહેક – સુગંધોનું મિશ્રણ અને ધુમ્મસ કહે મારું કામ! મીર્થી કૅમ્પ પહોંચતા સુધી તો સાવ નજીકનું પણ દેખાતું બંધ થઈ ગયું. આ સુંદર દશ્ય હજી પણ આંખ સામેથી ખસતું નથી.



રાત્રે ધારચૂલા પહોંચ્યાં ત્યારે બધાં જ શાંત થઈ ગયાં હતાં. કુદરતના સૌંદર્યને જાણે પોતાની ભીતર ઉતારીને ઈશ્વર સાથે એકાકાર થઈ ગયા હોય એમ સહુ એ સૌંદર્યમાં મુગ્ધ હતાં. ધારચૂલા, કાલી નદીના કિનારે ખીણમાં આવેલું આ એક નાનું ગામ છે. ગામનું નામ 'ધારચો' અને 'લા' એ રીતે પડ્યું છે. 'ધારચો' એટલે સફેદ રંગની પવિત્ર ધ્વજા અને 'લા' એટલે રુગલો. આમ એનું નામ 'ધારચોલા' પડ્યું. પછી અપભ્રંશ થઈ ધારચૂલા પડ્યું. નેપાળમાં પણ આ જ નામનું ગામ છે. કાલીગંગા નદીની પેલે પાર.

નદીની આ પાર અને પેલે પાર બે જુદા દેશ છે, પરંતુ ગામનું નામ એક છે! બંને દેશોમાં એક સરખા રીતરિવાજો, કલ્ચર અને લાઇફ-સ્ટાઇલ ફોલો થાય છે. અહીં ઇન્ડિયા અને નેપાળની વચ્ચે આવ-જા કરવા માટે કોઈ વિઝા કે પાસપૉર્ટની જરૂર પડતી નથી.

**નીલમહોર - એક જૅકેરેન્ડાની વાત**

સુંદર જાંબુડી રંગનાં ફૂલો અને લીલાં પાંદડાંનું આ કૉમ્બિનેશન ગજબ દેખાય છે. આ વૃક્ષોનું નામ જૅકેરેન્ડા છે. મેં સાઇકોલૉજીમાં 'દે જા વુ' જેવો શબ્દ સાંભળ્યો હતો, ક્યારેય વિચાર્યું નહોતું કે આજે જોયેલાં આ વૃક્ષો મારા જીવનમાં કોઈ સંબંધ જોડી આપશે. આ ફૂલોનાં ઘણાં નામ છે. નીલમહોર, નૂપુર, નિલકંઠ અને લેવિશ લાયલેક. એની સુગંધ મન મોહી લે એવી છે. હું કલાકો એ વૃક્ષો પાસે ઊભી રહી હતી... આ વૃક્ષને પવિત્ર વૃક્ષ માનવામાં આવે છે. ખાસ કરીને, આપણે એની નીચે ઊભા હોઈએ અને આપણા માથે જો જૅકેરેન્ડાનું ફૂલ પડે તો એને સ્વયં ઈશ્વરના આશીર્વાદ અથવા ગુડલક માનવામાં આવે છે.




છ વર્ષ પછી જ્યારે મેં મારી પોતાની જ્વેલરીની કંપની શરૂ કરી ત્યારે એનું નામ 'જૅકેરેન્ડા જ્વેલ્સ' રાખ્યું. છ વર્ષ પહેલાં ક્યાંક હિમાલયમાં જોયેલાં આ વૃક્ષો મારા મનમાં એવું તો ઘર કરી ગયાં હતાં કે એની સુગંધ અને એનું સ્વરૂપ મને મારી જ્વેલરીની બ્રાન્ડ માટે સૌથી યોગ્ય લાગી.

૭મો
દિવસ
૧૫ જૂન, ૨૦૦૭

# પ્રાતઃકાળનું પ્રથમ દર્શન : નેપાળ

સવારનાં સોનેરી કિરણોની સાથે આખું નેપાળ અમારી આંખોની સામે અમને દેખાઈ રહ્યું છે. અમારા ગામ અને સામે નેપાળના ગામ વચ્ચે માત્ર એક નદી છે, કાલીગંગા નદી. અવરજવર માટે વચ્ચે બ્રિજ છે. આ બાજુ ભારત અને પેલી બાજુ નેપાળ. વર્ષોથી ચાલતી સરહદો માટેની બબાલો અને મારામારીનું અહીં કોઈ જ અસ્તિત્વ નહોતું. આ બન્ને દેશો આમ તો કોઈ દુશ્મનાવટ નથી ધરાવતા અને અમે નેપાળની હવા શ્વાસમાં લેતાં આ વાત વિચારી રહ્યાં. સવારે આ બધું જોતાં અને વિચારતાં અમે બ્રેકફાસ્ટને ન્યાય આપ્યો. માનસપટ પર સવારની લાલિમા, જોયેલું નેપાળનું દૃશ્ય હજી અકબંધ જ છે. મોસમ પણ અમને સાથ આપી રહી હતી અને પોરસ ચઢાવી કહી રહી હતી કે માણી લો કુદરતને! પ્રાકૃતિક સૌંદર્ય જાણે અહીં જ છે. આંખો પણ મટકુંય માર્યા વગર માણી રહી હતી આ સૌંદર્યને! સવારે ૯ વાગ્યે અમે સૌ બસમાં બેસી માંગતી જવા નીકળ્યાં. રસ્તો થોડો જ કપાયો ત્યાં અમારી બસ ઊભી રહી ગઈ. હવે અહીંથી ચાલવાનું શરૂ થતું હતું. કેટલાક લોકો ચાલે અને કેટલાક લોકો ઘોડા પર બેસી સફર કરતા હોય છે. ઘોડાવાળાઓ તેમના વહાલા મજબૂત ઘોડા લઈને આવી ગયા હતા. ખૂબ જ કોલાહલ હતો અહીં અને સૌ કોઈ પોતાને અનકૂળ વ્યવસ્થા માટે વાટાઘાટ કરી રહ્યાં હતાં. બીજી બાજુ ગાજવીજ સાથે વરસાદે પણ માઝા મૂકી હતી.


પ્રવાસ રોકી શકાય એમ નહોતો એટલે અમે એક વાગ્યે ચાલવાનું શરૂ કર્યું. ચાલતાં ચાલતાં ૫ વાગ્યે ગાલા પહોંચ્યા. પર્વત પર એક બ્યૂટિફૂલ જગ્યા છે, જેને જોઈ અમારો થાક થોડો ઓછો થઈ ગયો. આહા! સફેદ બર્ફીલા પહાડોની લાંબી હારમાળા, જે જોતાં જ મન પ્રફુલ્લિત થઈ જાય, અને નીચે ઊંડી ખીણ કે જે થોડો રોમાંચ અને થોડો ડર મહેસૂસ કરાવે. અમે ત્યાં એક પાળી પર બેઠક જમાવી. વાતો કરવાની શું મજા આવી, અને ખુશનુમા વાતાવરણે સોનામાં સુગંધ ભેળવી. કોઈને ત્યાંથી ઊભા થવાનું મન જ નહોતું થતું! ક્યાંથી થાય? જગ્યાનો જાદુ જ એવો હતો. થોડી વાર પછી ચાંદી જેવા પર્વતો સૂર્યનાં સોનેરી કિરણોની ઝાંય ઓઢી સોનાના બની ગયા! આ દૃશ્ય માટે કંઈ પણ કુરબાન!



**આશુતોષ, શશાંક, શેખર, ચન્દ્રમૌલિ, દિગ્મ્બરા**

શિવની યાત્રા નેપાળથી શરૂ થાય છે. પશુપતિનાથનું જ્યોતિર્લિંગ અહીં આવેલું છે. મંદિર જોઈએ તો સાવ સામાન્ય અને સાદું છે, પરંતુ એની કથા બહુ રસપ્રદ છે. પાંડવો મહાભારતના યુદ્ધ પછી પોતાના ‘યુદ્ધાન્તે વિષાદ’ને ધોવા માટે શિવને શોધી રહ્યાં હતા. શિવ જાણતા હતા કે ભાતૃ-હત્યાનું પાપ કે વંશનાશના પાપને કોઈ વરદાનથી ધોઈ નહીં શકાય એથી તેઓ પાંડવોની સમક્ષ આવવાનું ટાળતા હતા. એમણે એક પાડાનું સ્વરૂપ લીધું અને સંતાવાનો પ્રયાસ કર્યો, પરંતુ પાંડવોએ એમના તેજથી ઓળખી કાઢ્યા અને ભીમે પોતાના બળવાન બાહુપાશમાં શિવનું માથું જકડી લીધું.

જ્યાં સુધી શિવ પાપમુક્તિનો સંદેશ ન આપે ત્યાં સુધી એમને નહીં છોડવાની ભીમની જીદને કારણે અંતે આશુતોષ શિવ પ્રગટ થયા. એમણે પાપમુક્તિનો રસ્તો બતાવીને ત્યાંથી વિદાય લીધી, પરંતુ જ્યાં એમણે પશુનું સ્વરૂપ લીધું અને એમનું મસ્તક જ્યાં ભીમે પકડી લીધું એવા એ સ્વયંભૂ શિવલિંગને પશુપતિનાથ તરીકે ઓળખાય છે.



એવું માનવામાં આવે છે કે શિવનું મસ્તક પશુપતિનાથમાં અને એમની પીઠ અથવા એમનું ધડ છેક કેદાર સુધી લંબાયેલા છે. આ બેની વચ્ચે વિશાળ હિમાલય છે. જો ભૌગોલિક રીતે જોઈએ તો સમજાય કે કેદારની ઉપર એટલે કે શિવના મસ્તક પછીથી છેક ઉપરથી ગંગાનું ઉદ્ભવ સ્થાન ગંગોત્રી છે.

૮મો
દિવસ
૧૬ જૂન, ૨૦૦૭

# ચાહ છે, તો રાહ છે

ઉત્તરાખંડના કુમાઉમાં એક પર્વતનાં પગથિયાં પર વસેલું નાનકડું એક ખોબા જેવું ગામ એટલે ગાલા! અહીં જોવા જેવું કશું જ નથી, આમ તો.

અમે કુલ ૫૭ સભ્યો અને અમારી વચ્ચે ફક્ત છ જ બાથરૂમ! કલ્પી શકાય કે શું હાલત થતી હોય. અહીં નાહવાનો તો સવાલ જ નથી થતો. આ બધી જગ્યાઓ પર જો સરખું ગરમ પાણી મળે, સારા બાથરૂમ હોય, લાઇન ઓછી લાગી હોય અને ટાઇમ હોય, તો જ નાહવા મળે. બાકી હરિ હરિ!

આજનો અમારો ચાલવાનો ટ્રેક ખૂબ મુશ્કેલ છે. એક તો ભારે વરસાદ ચાલુ છે અને ૪૪૦૦ પગથિયાં અમારે ઊતરવાનાં છે. વરસાદને કારણે પગથિયાં પર લીલ જામી ગઈ છે, તેથી લપસણાં બની ગયાં છે. રસ્તો હવે કાદવકીચડવાળો બનતો જાય છે, કેવી રીતે કાપીશું તે કળવું કઠિન છે. અમે ભગવાનને પ્રાર્થના કરીને જ નીકળ્યાં હતાં કે વરસાદ ન નડે, પણ હવે પ્રભુ–ઇચ્છા.

પહાડો પર વ્યવસ્થિત પગથિયાં તો બન્યાં જ ન હોય, વાંકાચૂકા પથ્થરો મૂકેલા છે અને તેના પરથી સાચવીને ઊતરવાનું છે. ખૂબ તકલીફ પડી રહી છે. અમે સૌ વારાફરતી લપસી રહ્યાં છીએ અને એકબીજાને સંભાળીને ચાલી રહ્યાં છીએ. મનમાં એક ડર પણ હોય કે હેમખેમ આ રસ્તો પસાર કરી લઈએ તો સારું! પણ આપણે ઇચ્છીએ કંઈ અને થાય છે કંઈ. છેવટે જે વાતનો ડર હતો તે જ થયું. મારો પગ એવા જ એક પથ્થર પરથી લપસ્યો અને બે પથ્થરો વચ્ચે ભરાઈ ગયો! સખત જર્ક લાગ્યો અને ખૂબ સણકા મારવા લાગ્યા. મારું સમગ્ર અસ્તિત્વ મારા એ દુઃખતા પગ પર કેન્દ્રિત થઈ ગયું હતું. મને લાગ્યું કે હવે અહીંથી એક ડગલું પણ આગળ ચલાશે જ નહીં. દર્દને કારણે તમ્મર આવી ગયાં. મારું બદનસીબ કે ત્યાં ક્યાંય દૂર સુધી બેસવાની પણ જગ્યા ન દેખાય. હું મહાપરાણે સાઇડમાં ઊભી રહી અને બૅગમાંથી



એક કૉમ્બિફ્લેમ લઈ ગળી લીધી. ઉમેશ પાસે ની-કૅપ હતી, તે પહેરી લીધી અને વધારે વિચાર્યા વગર મન મક્કમ કરી, ભગવાનનું નામ લઈ ચાલવાનું શરૂ કર્યું. અહીં ઘોડા નથી હોતા, એટલે મારે ચાલ્યા વગર છૂટકો જ નહોતો! ચાલવાનું જ છે તેમ માની ચાલી, તો ચલાઈ ગયું.

જિંદગીમાં પણ એવું જ થાય છે. આપણે અટકી જઈએ તો આગળ ના વધી શકીએ, પણ એકવાર નક્કી કરીને દુઃખ સાથે, પીડા સાથે પણ ચાલતાં રહીએ તો ચાલી જવાય છે!

ઇન્દિવરના એક ગીતમાં એમણે લખ્યું છે કે, "તું ના ચલેગા તો ચલ દેંગી રાહેં, મંઝિલ કો તરસેગી તેરી નિગાહેં, તુજ કો ચલના હોગા, તુજ કો ચલના હોગા..."

હવે પછીનો અમારો પડાવ હતો લખનપાલ ગામ. અહીં થોડો આરામ મળ્યો, સારું લાગ્યું અને ફરી ચાલવાનું શરૂ કર્યું. એ પછી માલ્પા ગામ આવ્યું. પગમાં ભયાનક દુઃખાવો છતાં લખનપાલથી માલ્પા ગામનો રસ્તો મને માણવાલાયક લાગ્યો. કુદરતી વાતાવરણ અને દૃશ્યો જોતાં જોતાં ક્યાં ચાલી નાખ્યું એ ખબર જ ન પડી! આ માર્ગ પર બે કાંઠે ધસમસતી, ભરપૂર વહેતી કાલીગંગા નદી હતી. તેનો કિનારો અદ્‌ભુત હતો. તેનાં પાણીનો વહેવાનો અવાજ એટલો તીવ્ર હતો કે અમે એકબીજાનો અવાજ પણ સાંભળી નહોતાં શકતાં. વાહ! શું નાદ કે કુદરતનો સાક્ષાત્કાર કરાવે અને અચરજ પણ પમાડે.

આ રસ્તો લાંબો અને અઘરો હોવાને કારણે અમારે કેટલીક સૂચનાઓ ફોલો કરવાની હતી.

૧) પોતાની રીતે એકલા ચાલો. ૨) રસ્તામાં ક્યાંય પણ ફોટોગ્રાફી માટે ઊભા ન રહેવું, તમે પડી શકો છો. ૩) રસ્તામાં જો ઘોડા આવે તો તમારે ખસી જવું અને પહાડ તરફ સાઇડમાં દબાઈને ઊભા રહેવું. ૪) રેલિંગ પર અઢેલીને કે વજન દઈને ઊભા ન રહેવું, રેલિંગ કટાયેલી હોય છે, તૂટી શકે છે. ૫) ધીમે ચાલો અને ધ્યાનથી કારણ કે, રસ્તા લપસણા હોય છે. ૬) વૉટરફૉલ પાસેથી પસાર થતાં રેઇનકોટ પહેરી લેવો.

આ બધી જ સૂચનાઓનું અક્ષરશઃ પાલન કરતાં અમે સૌ માલ્પા પહોંચ્યાં. આ ગામ સાથે એક દુર્ઘટના જોડાયેલી છે. અહીં ૧૭ ઑગસ્ટ, ૧૯૯૮ના દિવસે એક મોટી લૅન્ડસ્લાઇડ થઈ હતી. આશરે ૩૦૦ લોકોનાં મૃત્યુ થયાં હતાં. તેમાં અનેક યાત્રીઓ હતાં! જાણીતી અભિનેત્રી અને ઓડિસી ડાન્સર પ્રતિમા બેદી પણ આ જ લૅન્ડસ્લાઈડમાં મૃત્યુ પામ્યાં હતાં. અમને એ દબાયેલા ગામના અવશેષો, છાપરાં, કપડાં વગેરે દેખાયાં. દુઃખદ અને ભયજનક દૃશ્ય હતું.

અહીં શિવ ભગવાનની એક વિશાળ મૂર્તિ છે, જે ઘેરા બ્લૂ કલરની છે અને પાસે શિવલિંગ છે. એક મોટો ઘંટ પણ છે. અહીં માત્ર ચાર કે પાંચ ઘર જ છે, જે શિવના પૂજારીઓનાં છે. બહાર વરસાદ હજુ વરસતો જ હતો. વાતાવરણ તેની અસરની અનુભૂતિ કરાવતું હતું. અમે ફરી ચાલવા લાગ્યાં. આગળ થોડે દૂર એક ધસમસતો પાણીનો ધોધ આવ્યો અને અમે ફરી ભીંજાવાથી બચતાં સાચવીને આગળ નીકળ્યાં. ત્યાં પહાડ પરથી નાના પથ્થરો પડી રહ્યાં હતા. તેનાથી બચીને, સાચવીને દોડતાં રસ્તો કાપતાં ગયાં. આ દિવસ અમે ક્યારેય નહીં ભૂલી શકીએ. એકસાથે એટલું બધું જોયું અને સહન પણ કર્યું. અમે શ્રી શંભુને મળવા જઈ રહ્યાં હતાં તો સાવ સહેલાઈથી એમ જ થોડું પહોંચી જવાય? એ જ્યાં બેઠા છે, ત્યાં પહોંચતાં હજુ કેટલા વીસે સો થવાના છે એ અમને ખબર જ હતી. અમે સાંજે ૬ વાગ્યે બુધી પહોંચ્યાં.

**ડમરુનાદ**

શિવના ડમરુની સુંદર વાત અહીં લખ્યા વિના નહીં રહેવાય. પુરાણો અનુસાર ભગવાન શિવના ડમરુમાંથી ચમત્કારી મંત્રો નીકળે છે એવું મનાય છે. આ મંત્રો ઘણા રોગોનો ઇલાજ કરી શકે છે. કોઈ મુશ્કેલી વખતે ડમરુવાદથી કાર્ય જલદી સમાપન થાય છે, તો કહેવાય છે કે વીંછી અને સાપના ડંખનું ઝેર પણ દૂર થાય છે.

ડમરુનો અવાજ એવો છે, જે આપણા શરીરમાં રણકતો રહે છે. ૐ કંપનના રૂપે વેબ દુનિયાના સંશોધન પ્રમાણે ડમરુનો અવાજ મગજને શાંતિ આપે છે અને તાણ દૂર કરે છે. આપણી પાસેની નકારાત્મક એનર્જીને પણ દૂર કરે છે.



૯મો
દિવસ
૧૭ જૂન, ૨૦૦૭

# મનમોહક ફૂલોની ઘાટી છિયાલેક

સવારે બુધીથી ગુંજી જવાનું હતું. અહીં ૩ કિલોમીટરનું અતિકઠિન ચઢાણ છે. તે પછી એકસરખો સમથળ રસ્તો છે. આ રસ્તો અમને ગમી ગયો. અહીં પહાડોમાં વાદળાં, થોડો થોડો વરસાદ અને ખૂબ જ ગ્રીનરીને લીધે વાતાવરણ આંખોને ઠંડક આપે એવું હોય છે. એકદમ શાંત વાતાવરણમાં કોઈ કોઈ વાર ચહેકી જતાં અવનવાં પક્ષીઓના અવાજ તો અહીંની એક આગવી ઓળખ છે. આ બધું ફરી ક્યાં માણવા મળવાનું છે? એ વિચારી અમે સૌ ખૂબ જ મૂડમાં ચાલી રહ્યાં હતાં. મને લાગે છે કે યાત્રા શરૂ કર્યા પછીનો આજે સૌથી સારો દિવસ છે! કેમ ન લાગે? ગઈકાલનો દિવસ જે રીતે અમે પસાર કર્યો તે પછી આટલું સૌંદર્ય આ યાત્રામાં પહેલી વાર અનુભવ્યું. અહીં ચારે બાજુ લીલાંછમ મેડોસ જોવા મળ્યાં. હરી હરી વસુંધરા અને નીલા નીલા યે ગગન!

૩ કિલોમીટર પૂરા થયા પછી અમે પહોંચ્યા છિયાલેક. આ જગ્યા ફૂલોની ઘાટી તરીકે ઓળખાય છે. સિઝન તો ફૂલોની હજી આવી નથી તો પણ અહીં નાનાં નાનાં રંગબેરંગી ફૂલો ચારે બાજુ ઊગેલાં છે. આ જગ્યા ઈશ્વરના સાંનિધ્યનો અહેસાસ કરાવે છે. અહીં પાછળ નાનું સુંદર મંદિર પણ છે! અમે ઊંચાઈ પર છીએ અને નીચેથી મોટી ફોગની સવારી આવી રહી છે. અમે બધાં ભીંજાવા તૈયાર થઈ ગયાં.

શ્રી રામ અને સીતાજીનાં ૧૩ વર્ષનાં ગાળેલાં વનવાસનાં સંસ્મરણો અહીં જોવા મળે છે, અહીંના ગામલોકોના કહેવા પ્રમાણે, એવી લોકવાયકા છે કે ભગવાન રામે અહીં સમય વ્યતીત કર્યો હતો અને શ્રી લક્ષ્મણે દોરેલી લક્ષ્મણરેખા પણ હજી અંકિત થયેલી જોઈ શકાય છે. વિષય શ્રદ્ધાનો છે, સત્ય અને અસત્યના કોઈ વિવાદમાં પડ્યા વગર અમે તે જગ્યા ભક્તિભાવથી જોઈ અને રેખા પણ જોઈ. ત્યાં થોડાં નાનાં ઝાડનાં ઝૂમખાં અને આજુબાજુ રેખા જેવું દેખાય છે. ત્યાંથી આગળ અમને એક ટનલ બતાવી. તેનો ઇતિહાસ કંઈક એવો છે કે એક ભારતીય એન્જિનિયર

ચીન માટે કામ કરતો હતો અને વફાદારી છોડી તે દેશદ્રોહી બની કોઈને ખબર ન પડે તેમ ટનલ બનાવતો હતો. ઇન્ડિયન ગવર્નમેન્ટને આ વાતની ખબર પડી અને તે પકડાઈ ગયો. પછી તેને ફાંસી આપવામાં આવી.

અમારો રસ્તો હજી પણ લીલા ઘાસનાં મેદાનો વચ્ચેથી સાપોલિયા જેવો સુંદર સરકી રહ્યો છે. અમે જાતજાતનાં ફૂલો વચ્ચેથી ચાલી રહ્યાં છીએ, જાણે કે, “દૂર તક નિગાહ મેં હૈ ફૂલ ખીલે હુએ!”. પાંચેક કિલોમીટર ચાલ્યા પછી અમારા પૉર્ટર સતીશનું ગામ આવ્યું, ગર્ભયાંગ.

બપોરે સાડાત્રણ વાગ્યે ગુંજી પહોંચ્યા. સૌને આ ગામની સુંદરતા સ્પર્શી ગઈ. સાચું કહું તો પહાડો પર વસેલા ગામ જેવું જ છે પણ તોયે થોડું અલગ. નાનામોટા પર્વતોની વચ્ચે આવેલું આ ગુંજી ગામ લગભગ ૮૦૦ લોકોની વસ્તી ધરાવે છે. જગ્યાનો જાદુ કહો કે મારી દૃષ્ટિનો – મનમાં શાંતિની અનુભૂતિ થઈ રહી છે. પહાડી લોકોમાં કળા ભરપૂર હોય છે, તે તેમનાં રહેઠાણો જોઈને લાગી રહ્યું છે. લાકડાંનાં જૂની ઢબની કોતરણીવાળાં બેઠા ઘાટનાં ઘરો અમને આકર્ષી રહ્યાં. નજીક નજીક ઘરો અને સાંકડી ગલીઓમાં થતી આછી ચહલપહલ તેમના સ્વભાવની શાંતિ સૂચવે છે! પહાડી લોકો ખુશમિજાજી પણ હોય છે અને પરગજુ પણ. આ બધું જોતાં જોતાં નાની ગલીઓમાંથી પસાર થઈ અમે અમારા કુમાઉના કેમ્પમાં આવ્યાં.



આ જગ્યા ગમી જાય એવી છે. હું અહીં ITBPના કેમ્પની ઉપર એક નાની ટેકરી પર બેસી લખી રહી છું. મને જ્યાં સુધી દેખાઈ રહ્યું છે ત્યાં સુધી નાની નાની ઝૂંપડીઓ, કાલીગંગા અને પાછળ મોટા વિશાળ પર્વતો. અહીં રસ્તાની સામેની બાજુ નેપાળ અને કાલીગંગા નદીની આ બાજુ ભારત છે. ધ્યાનથી સાંભળતાં મને કોઈ અવાજ સંભળાઈ રહ્યો છે. ખબર પડી કે દૂરથી ચાલ્યા આવતા ઘોડાઓના ગળામાં બાંધેલા ઘંટમાંથી નીકળતો થોડો બોદો અવાજ છે એ! સાંભળ્યા જ કરવાનું મન થાય એવો અવાજ છે!

અહીંની ખાસ ઓળખ એવા દેવદારનાં પેલાં જાદુઈ ફળ જોયાં છે તમે? એની સુગંધ માણી છે – તીખી અને માદક? હા, એ ફળ મને બહુ જ આકર્ષે છે. હું તે ફળને વીણીને લઈ લઉં છું અને મારી બૅગમાં મૂકી દઉં છું. તેની અદ્ભુત સુગંધ મારી સાથે રહે, એટલે! નીચે વાદળો પર્વતોને ઘેરી રહ્યાં છે અને આગળ વધી રહ્યાં છે. આવા સુંદર કુદરતી દશ્યને ગમે તેટલું જોયા કરીએ પણ સંતોષ ન થાય, જોકે હવે મારે કમને ઊઠવું પડશે. નીચે મિલિટરી જવાનોની હલચલ દેખાઈ રહી છે. જો હવે ઊભો ન થયાં તો કદાચ વાદળો અમને તેમનામાં છુપાવી તેમની સાથે લેતાં જશે! આમ તો ઊડવાની મજા આવે પણ હજી અમારે કૈલાસ પહોંચવાનું છે! અમે આ જગ્યાને અલવિદા કહી નીચે ઊતરી આવ્યાં.

### પૅંગ્વિન અને પાઇનકોન

ક્રિશ્ચિયન ધર્મમાં પાઇનના વૃક્ષોની એક અલગ જ મહત્તા છે. વેટિકનમાં પાઇનના આ કોન જેવાં સુક્કાં ફૂલો ફર્ટિલિટી-ફળદ્રુપતાની નિશાની ગણાય છે. વૈજ્ઞાનિક રીતે વિચારીએ તો એ આપણા મગજમાં રહેલી પિનિયલ નામની ગ્રંથિ જેવું દેખાય છે. સામાન્ય રીતે આ પિનિયલ ગ્રંથિ આપણા મગજમાં મેલેટોનિન નામનું દ્રવ્ય ઊપજાવે છે. બે ભ્રમરની વચ્ચે જ્યારે મેલેટોનિન ઝરવાનું શરૂ થાય ત્યારે માણસને નિદ્રા આવે છે. મેલેટોનિન અંધારામાં વધુ ઝડપથી કામ કરે છે. તેથી જ માણસને ઊંઘતી વખતે અંધારું કરવાની સલાહ આપવામાં આવે છે.



આ અત્યંત માદક મહેકદાર ડ્રાય ફ્લાવર પણ એની સુગંધથી એક સુરુર પેદા કરે છે. એની તીખી ગંધ ઓરડામાં કે બૅગમાં કે પછી વૉર્ડરોબમાં સતત મહેકતી રહે છે. પર્ફ્યુમ પૅકેજિંગ માટે અને ડ્રાય ફ્લાવર અરેન્જમેન્ટમાં પણ એનો બહોળો ઉપયોગ થાય છે.

એક સુંદર એનિમેશન કથા પૅંગ્વિન અને પાઇનકોનની છે. નાનપણમાં એ વાર્તા વાંચી હતી ત્યારથી મને પણ પાઇનકોન માટે એક વિચિત્ર આકર્ષણ છે. જ્યાં મળે ત્યાંથી ભેગાં કરું છું અને મારી બૅગમાં ભરી લઉં છું. ક્યારેક શુભેચ્છા માટે પણ પાઇનકોન એકબીજાને આપવામાં આવે છે. ઘરમાં પાઇનકોન રાખવાથી નેગેટિવ એનર્જી ઓછી થાય છે અને પૉઝિટિવ એનર્જી ચાર્જ થાય છે એવું પણ ફેંગ શૂઈ કહે છે.

**૧૦મો દિવસ**

**૧૮ જૂન, ૨૦૦૭**

# સોનેરી સંભારણું

આજે ગઈકાલનાં સ્વપ્નોની વાત જો નહીં કરું તો મને ચેન નહીં પડે. મને સુંદર સ્વપ્નો આવે છે અને તે મને ગમે છે. કાલે મને જે સ્વપ્ન આવ્યું તે મને આખી જિંદગી યાદ રહેશે. તે મારા જીવનનું સોનેરી સંભારણું બની રહેશે. હું એને વારંવાર ફરી ફરીને જોવા ઇચ્છીશ. કાલે ઊંઘ્યા પછી આખી રાત મેં એ છિયાલેકની ઘાટી, ત્યાં તાજાં જ ઊગી રહેલાં ઝીણાં અને નાજુક રંગબેરંગી ફૂલો અને પેલી લક્ષ્મણરેખા – બધું જ સ્વપ્નમાં જોયું. તે દશ્યો મારી આંખની સામે અત્યારે પણ તાદશ છે. આપણા અર્ધજાગ્રત મન પર જે દશ્યો ઊંડી અસર કરે છે તે સ્વપ્નમાં પણ આવી શકે છે. એ નાની ડુંગરી, કે જ્યાં હું લખવા બેઠી હતી તે પણ મને ફીલ થઈ! વાહ! શું ચમત્કાર કહેવાય. કુદરતનું એક ચુંબકીય આકર્ષણ અહીં છે. જે લોકો કુદરતને સાચા દિલથી માણવા ઇચ્છે છે, તે લોકોએ આ જગ્યાની મુલાકાત અચૂક લેવી જ જોઈએ.

સવારના ૬ થયા છે. હું સ્વપ્નની બહાર આવી ગઈ છું. અહીં ફક્ત બી.પી., પલ્સ અને નૉર્મલ ચેકઅપ જ હોય છે. આ ચેકઅપમાં થોડા સવાલો પૂછે, જેમ કે અત્યાર સુધીની યાત્રામાં કોઈ તકલીફ થઈ હતી કે નહીં, બીજી કોઈ શારીરિક તકલીફ હોય તો તેની દવા આપે છે. અહીં કોઈ સ્ટ્રિક્ટ ચેકિંગ નથી અને ડિસ્કરેજ નથી કરતા. થોડી નાનીમોટી બીમારીઓ માટે દવા પ્રિસ્ક્રાઇબ કરી આપી. અમારી ૫૭ સભ્યોની બેચમાં ૫૦થી ઉપરની ઉંમરનાં ૩૦થી ૪૦ લોકો છે, જેમને પણ બધું નૉર્મલ જ આવ્યું. કોઈ કોઈએ નાનામોટા પ્રૉબ્લેમ માટે દવા કહી. આમ અમારા દિવસનો અંત થયો.

**મધ્યબિંદુ 'ગુંજી' ગામ**

પર્વતોની હારમાળામાં ઘેરાયેલું આ સુંદર ગામ 'ગુંજી' તે ૐ પર્વત અને આદિ કૈલાસનું સેન્ટર પૉઇન્ટ છે. મધ્યબિંદુ. શિવના પાંચ પવિત્ર પર્વતો કહેવાય છે. જેમાં–

૧. કૈલાસ ૨. આદિકૈલાસ (તેને શિવ કૈલાસ પણ કહે છે. પિથોરાગઢમાં આવેલ છે.) ૩. કિન્નર કૈલાસ (તે કિન્નર ડિસ્ટ્રીક, હિમાચલ પ્રદેશમાં આવેલ છે) ૪. શ્રીકંટ મહાદેવ કૈલાસ (તે કુલુ હિમાચલ પ્રદેશમાં આવેલ છે) ૫. મની મહેશ કૈલાસ (તે ચંમ્બા કૈલાસ તરીકે પણ ઓળખાય છે) મની મહેશ લેક પર સ્થિતિ આ કૈલાસ પણ શિવનું રહેઠાણ તરીકે ઓળખાય છે.